




**IPL 2026** આજની મેચ CSK Vs GT ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: ચેન્નાઇ

| | ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|---|
| Q | RCB | 13 | 9 | 4 | 0 | 18 | 1.065 |
| Q | GT | 13 | 8 | 5 | 0 | 16 | 0.400 |
| Q | SRH | 13 | 8 | 5 | 0 | 16 | 0.350 |
| | RR | 13 | 7 | 6 | 0 | 14 | 0.083 |
| | PBKS | 13 | 6 | 6 | 1 | 13 | 0.227 |
| | KKR | 13 | 6 | 6 | 1 | 13 | 0.011 |
| | CSK | 13 | 6 | 7 | 0 | 12 | -0.016 |
| | DC | 13 | 6 | 7 | 0 | 12 | -0.871 |
| | MI | 13 | 4 | 9 | 0 | 8 | -0.510 |
| | LSG | 13 | 4 | 9 | 0 | 8 | -0.702 |

## માલવિકા, અશ્મિતા બીજા રાઉન્ડમાં, લક્ષ્ય, પ્રણય બહાર

કુઆલાલંપુર, તા. 20 : મલેશિયા માસ્ટર્સ સુપર 500 માં ભારત માટે નિરાશાજનક દિવસે, માલવિકા બંસોડ અને અશ્મિતા ચલિહા મહિલા સિંગલ્સમાં અલગ અલગ જીત નોંધાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કરીને એકમાત્ર આશાનું કિરણ બનીને ઉભરી આવી.

માલવિકાએ વિશ્વની 52મી ક્રમાંકિત જર્મનીની યવોન લીને 21-17, 16-21, 21-9થી હરાવી. જ્યારે અશ્મિતાએ વિશ્વની 56 ક્રમાંકિત ઈન્ડોનેશિયાની થલિતા રામાધની વિરિયાવાન સામે 21-16, 21-13થી આરામદાયક જીત નોંધાવી હતી. મેન્સ સિંગલ્સમાં લક્ષ્ય સેનને ઈન્ડોનેશિયાના મોહમ્મદ ઝાકી ઉબૈદુલ્લાહ સામે 17-21, 11-21થી આઘાતજનક હારનો સામનો કરવો પડતા તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો. એચએસ પ્રણોય પણ 80 મિનિટની મેચમાં છઠ્ઠા ક્રમાંકિત જાપાનના કોડાઈ નારોકા સામે 17-21, 22-20, 22-24 થી હારીને બહાર થયો.

# વરસાદ પ્રભાવિત મેચમાં KKRએ મુંબઈને હરાવ્યું

**કોર્બિન** બોશ અને દીપક ચાહરે 20 બોલમાં 42 રનની ભાગીદારી કરતાં મુંબઇ 147 રનના સ્કોર પર પહોંચ્યું

**148** રનના લક્ષ્યાંકને આંબતા કોલકાતા નાઇટ રાઇડર્સે 18.5 ઓવર લઇને રન રેટ સુધારવાની તક ગુમાવી



કોલકાતા, તા. 20 : આઈપીએલમાં આજે બુધવારે અહીં રમાયેલી વરસાદથી પ્રભાવિત એક મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સામે લથડેલા મુંબઈ ઈન્ડિયન્સને અંતિમ ઓવરોમાં કોર્બિન બોશ અને દીપક ચાહરે મળને કરેલી 42 રનની ભાગીદારીએ આઠ વિકેટે 147 રનના સ્કોર સુધી પહોંચાડીને મૂકેલા 148 રનના લક્ષ્યાંકને આંબતા કેકેઆરે 18.5 ઓવર લીધી હતી અને ચાર વિકેટે મેચ જીતી તો હતી પણ તેમણે રનરેટ સુધારવાની હાથ આવેલી તક ગુમાવી હતી.

કેકેઆર વતી મનિષ પાંડેએ 45 અને રોવમેન પોવેલે 40 રનની ઈનિંગ રમી હતી, તે સિવાય અજિંક્ય રહાણેએ 21 અને તેજસ્વી દહિયાએ 11 રન બનાવ્યા હતા. આજની મેચમાં જસપ્રીત બુમરાહે મનિષ પાંડેને આઉટ કરીને લાંબા સમય પછી વિકેટ લીધી હતી.

આ પહેલા વાદળછાયા વાતાવરણ વચ્ચે, લાંબો સમય કવર્સની અંદર રહેલી ઈડન ગાર્ડન્સની મુશ્કેલ પીચ પર ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ, કેકેઆરે પાવરપ્લેમાં જ મુંબઈના ટોપ ઓર્ડરને પેવેલિયન ભેગુ કરતાં તેમનો સ્કોર ચાર વિકેટે 41 રન થયો હતો. જેમાં કેમેરન ગ્રીન અને સૌરભ દુબેએ શરૂઆતમાં બે-બે વિકેટ ઝડપી હતી. તે પછી વરસાદના કારણે એક કલાકની રુકાવટ બાદ, કેકેઆરની સ્પિન બેલડી સુનિલ નરીન અને વરુણ ચક્રવર્તીએ શાનદાર બોલિંગ કરીને મુંબઈ પર દબાણ વધાર્યું હતું. બંનેએ સાથે મળીને પોતાની પ્રથમ ચાર ઓવરમાં માત્ર ૧૪ રન આપ્યા હતા. નરીને પોતાના ક્વોટાની ચાર ઓવરમાં માત્ર 13 રન આપીને હાર્દિક પંડ્યાની વિકેટ લીધી હતી. તિલક પોતાને જીવતદાન મળવા છતાં તેનો ફાયદો ઉઠાવી શક્યો નહોતો. 17 ઓવર પછી સ્કોર સાત વિકેટે 106 રન હતો તે પછી બોશે 18 બોલમાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી નોટઆઉટ 32 રન કરીને ચાહર સાથે કરેલી 42 રનની ભાગીદારીથી મુંબઈ આઠ વિકેટે 147 રન સુધી પહોંચ્યું હતું.

| મુંબઇ ઇન્ડિયન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રિકલ્ટન કો.પાંડે બો.ગ્રીન | 6 | 7 | 1 | 0 |
| રોહિત કો.ગ્રીન બો.દુબે | 15 | 13 | 0 | 2 |
| નમન કો.રઘુવંશી બો.ગ્રીન | 0 | 3 | 0 | 0 |
| સૂર્યકુમાર બો.દુબે | 15 | 6 | 2 | 1 |
| તિલક કો.રોય બો.કાર્તિક | 20 | 32 | 0 | 1 |
| હાર્દિક બો.નરીન | 26 | 27 | 2 | 1 |
| જેક્સ રનઆઉટ | 14 | 7 | 1 | 1 |
| બોશ નોટઆઉટ | 32 | 18 | 3 | 2 |
| દીપક કો.રોય બો.કાર્તિક | 10 | 7 | 2 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (20 ઓવરમાં આઠ વિકેટે) | 147 | | | |

વિકેટપતન : 1/17, 2/17, 3/23, 4/41, 5/84, 6/95, 7/105, 8/147

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અનુકુલ રોય | 1 | 0 | 6 | 0 |
| સૌરભ દુબે | 4 | 0 | 34 | 2 |
| કેમરન ગ્રીન | 3 | 0 | 23 | 2 |
| કાર્તિક ત્યાગી | 4 | 0 | 37 | 2 |
| સુનિલ નરીન | 4 | 0 | 13 | 1 |
| વરુણ ચક્રવર્તી | 4 | 0 | 28 | 0 |

| કોલકાતા નાઇટ રાઇડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રહાણે કો.રિકલ્ટન બો.બોશ | 21 | 17 | 4 | 0 |
| એલન બો.ચાહર | 8 | 5 | 2 | 0 |
| પાંડે બો.બુમરાહ | 45 | 33 | 6 | 0 |
| ગ્રીન કો.ઘઝનફર બો.બોશ | 4 | 8 | 0 | 0 |
| પોવેલ કો.બોષ બો.ઘઝનફર | 40 | 30 | 4 | 2 |
| રિન્કુ નોટઆઉટ | 9 | 5 | 2 | 0 |
| દહિયા કો.રિકલ્ટન બો.બોશ | 11 | 12 | 2 | 0 |
| રોય નોટઆઉટ | 4 | 4 | 0 | 0 |
| વધારાના | 6 | | | |
| કુલ (18.5 ઓવરમાં છ વિકેટે) | 148 | | | |

વિકેટપતન : 1/10, 2/48, 3/54, 4/118, 5/124, 6/140

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| દીપક ચાહર | 3 | 0 | 23 | 1 |
| જસપ્રીત બુમરાહ | 4 | 0 | 26 | 1 |
| કોર્બિન બૌશ | 3 | 0 | 30 | 3 |
| એએમ ઘઝનફર | 4 | 0 | 25 | 1 |
| હાર્દિક પંડ્યા | 2 | 0 | 13 | 0 |
| રઘુ શર્મા | 2 | 0 | 23 | 0 |
| વિલ જેક્સ | 0.5 | 0 | 7 | 0 |

## CSK સામે આજે જીતી ટોપ-ટુમાં સ્થાન મેળવવા પર ગુજરાતની નજર

**ગુજરાત** સીએસકે સામે મોટી જીત મેળવી આરસીબીના નેટ રનરેટને વટાવવાનો પ્રયાસ કરશે

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર



અમદાવાદ, તા. 20 : આઈપીએલના પ્લેઓફમાં સ્થાન મેળવી લીધા પછી, ગુજરાત ટાઈટન્સ આવતીકાલે ગુરુવારે અહીં રમાનારી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે મેદાને પડશે ત્યારે પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખીને ટોપ-ટુમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે. લીગ તબક્કામાં ટોચના બે સ્થાનો પર રહેનારી ટીમોને ફાઈનલમાં પહોંચવાની બે તક મળે છે.

ગુજરાત ટાઈટન્સ હાલમાં 16 પોઈન્ટ સાથે સ્ટેન્ડિંગમાં બીજા સ્થાને છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર 18 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. સનરાઈઝર્સ હૈદરાબાદ પણ 16 પોઈન્ટ સાથે ટોપ-ટુમાં સ્થાન મેળવવાની દાવેદારીમાં છે. ત્રણેય ટીમો પહેલાથી જ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. જો ગુજરાત ટાઈટન્સ સીએસકે સામે મોટી જીત નોંધાવશે તો તેઓ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના +1.065ના નેટ રન રેટને વટાવી શકે છે. જો સનરાઈઝર્સ તેમની અંતિમ લીગ મેચમાં આરસીબીને હરાવશે તો ટોચના બે સ્થાનો નેટ રન રેટના આધારે નક્કી કરવામાં આવશે. હાલમાં, ગુજરાત ટાઈટન્સની ટીમનો નેટ રન રેટ (+0.400) સનરાઈઝર્સ (+0.350) કરતા સારો છે.

# બાંગ્લાદેશે પાકિસ્તાનને હરાવી ટેસ્ટ સીરિઝમાં 2-0થી ક્લીન સ્વીપ કર્યું

**પાકિસ્તાને** સવારે 42 રન ઉમેર્યા પછી માત્ર 13 બોલના ગાળામાં બાકીની ત્રણ વિકેટ ગુમાવી 358માં ઓલઆઉટ થયું

**સ્પિનર** તૈજુલ ઇસ્લામે ત્રણમાંથી બે વિકેટ લઇ કુલ છ વિકેટ ઝડપીને બાંગ્લાદેશની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી



સિલહટ, તા. 20 : અહીં રમાયેલી બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશના ડાબોડી સ્પિનર તૈજુલ ઈસ્લામે બીજા દાવમાં કુલ છ વિકેટ ઝડપતા પાકિસ્તાન 358 રનમાં ઓલઆઉટ થતાની સાથે જ બાંગ્લાદેશે 78 રનથી મેચ જીતીને સીરિઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું હતું. ચોથા દિવસે પ્રવાસી ટીમને સાત વિકેટે 316 રન પર અટકાવવામાં મદદ કરનાર આ સ્પિનરે પાંચમા દિવસે બાકી રહેલી ત્રણ વિકેટમાંથી બે વિકેટ ઝડપીને 34.2 ઓવરમાં 120 રન આપીને છ વિકેટલીધી હતી. પાંચમા દિવસની સવારે પાકિસ્તાને પોતાના સ્કોરમાં 42 રન ઉમેર્યા હતા, પરંતુ ત્યારબાદ માત્ર 13 બોલની અંદર એક પણ રન ઉમેર્યા વિના છેલ્લી ત્રણ વિકેટ ગુમાવતાં બાંગ્લાદેશે ઝડપી જીત મેળવી હતી. આ જીત સાથે બાંગ્લાદેશે પાકિસ્તાન સામે સતત બીજી વખત સીરિઝમાં ક્લીન સ્વીપ કર્યું છે, આ પૂર્વે 2024માં પણ તેમણે 2-0થી જીત મેળવી હતી.

### રિઝવાનને બાંગ્લાદેશી ખેલાડીઓએ ટ્રોલ કર્યો, ઓવરએક્ટિંગના 50 પૈસા કપાશે



સિલહટ, તા. 20 : બીજી ટેસ્ટના ત્રીજા દિવસે, પાકિસ્તાનના અનુભવી બેટ્સમેન મહંમદ રિઝવાન અને બાંગ્લાદેશના વિકેટકીપર લિટન દાસ મેદાન પર સામસામે આવી ગયા હતા. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં રિઝવાન સાઇડ સ્ક્રિન મામલે અમ્પાયરને ફરિયાદ કરવાની સાથે વારંવાર પોતાનું સ્ટેન્ડ બદલતો જણાય છે. જેથી વિકેટ પાછળ ઉભેલા લિટન દાસે તેને કહ્યું કે બીજી તરફ શું કામ ધ્યાન આપે છે બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કર. તે પછી બંને ખેલાડીઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ થયું હતું. તે પછી વાયરલ વીડિયોમાં, બાંગ્લાદેશી ખેલાડીઓ રિઝવાનને ટ્રોલ કરતા સાંભળી શકાય છે, એક ખેલાડી કહે છે કે એક્ટિંગ કરવા માટે બોલિવૂડમાં જશે. પરંતુ ત્યાં કોઈ તેને કામ નહીં આપે. તે પછી વધુ એક અવાજ આવે છે કે ઓવરએક્ટિંગ માટે તેના 50 પૈસા કપાશે.

મહંમદ રિઝવાનની 166 બોલમાં 94 રનની લડાયક ઈનિંગ્સના અંત સાથે જ પાકિસ્તાનની આશાઓ પણ સમાપ્ત થઈ ગઈ હતી. તે પહેલા તેણે સાજિદ ખાન સાથે 54 રનની ભાગીદારી કરી હતી.

## બાંગ્લાદેશ સામે પાકિસ્તાન હાર્યું પણ WTC રેન્કિંગમાં નુકસાન ભારતને થયું

**બાંગ્લાદેશ** પાકિસ્તાનને હરાવીને WTC રેન્કિંગમાં પાંચમા સ્થાને પહોંચ્યું, ભારત છઠ્ઠા સ્થાને સરક્યું

દુબઈ, તા. 20 (પીટીઆઈ) : બાંગ્લાદેશની પાકિસ્તાન સામે ઘરઆંગણે ટેસ્ટ સીરિઝમાં 2-0થી ક્લીન સ્વીપથી ભારતીય ક્રિકેટ ટીમને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી) રેન્કિંગમાં નુકસાન થયું છે અને તે છઠ્ઠા સ્થાને સરકી ગઈ છે. પાકિસ્તાનને 2-0થી ક્લિનસ્વીપ કરીને બાંગ્લાદેશ હવે ચાર ટેસ્ટ મેચમાં બે જીત, એક હાર અને એક ડ્રો સાથે 58.33 ટકા પોઈન્ટ ધરાવે છે, જ્યારે ભારતના નવ ટેસ્ટ મેચમાં ચાર જીત, એટલી જ હાર અને એક ડ્રો સાથે 48.15 પોઈન્ટ છે.

**વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-27 પોઇન્ટ ટેબલ**

| ક્રમ | ટીમ | મેચ | જીત | હાર | ડ્રો | પેનલ્ટી | પોઇન્ટ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 8 | 7 | 1 | 0 | 0 | 84 | 87.50 |
| 2 | ન્યૂઝીલેન્ડ | 3 | 2 | 0 | 1 | 0 | 28 | 77.78 |
| 3 | દક્ષિણ આફ્રિકા | 4 | 3 | 1 | 0 | 0 | 36 | 75.00 |
| 4 | શ્રીલંકા | 2 | 1 | 0 | 1 | 0 | 16 | 66.67 |
| 5 | બાંગ્લાદેશ | 4 | 2 | 1 | 1 | 0 | 28 | 58.33 |
| 6 | ભારત | 9 | 4 | 4 | 1 | 0 | 52 | 48.15 |
| 7 | ઇંગ્લેન્ડ | 10 | 3 | 6 | 1 | -2 | 38 | 31.67 |
| 8 | પાકિસ્તાન | 4 | 1 | 3 | 0 | -8 | 4 | 8.33 |
| 9 | વેસ્ટઇન્ડિઝ | 8 | 0 | 7 | 1 | 0 | 4 | 4.17 |

## ભારતની ડોમેસ્ટિક સિઝનની 23 ઓગસ્ટે દુલીપ ટ્રોફીથી શરૂઆત

**રણજી** ટ્રોફીની શરૂઆત 11 ઓક્ટોબરથી થશે અને ફરી એકવાર તે બે તબક્કામાં રમાશે : બીસીસીઆઇની જાહેરાત

**આગામી** ડોમેસ્ટિક સિઝનમાં બીસીસીઆઇ વય જૂથ અને સીનિયર ક્રિકેટમાં કુલ 1788 મેચનું આયોજન કરશે

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ બુધવારે જાહેરાત કરી હતી કે 2026-27 સ્થાનિક સિઝન 23 ઓગસ્ટે દુલીપ ટ્રોફીથી શરૂ થશે જ્યારે રણજી ટ્રોફી ફરી એકવાર બે તબક્કામાં રમાશે, જેમાં પ્રથમ તબક્કો 11 ઓક્ટોબરથી શરૂ થશે.

આગામી સિઝન દરમિયાન, બીસીસીઆઈ વય જૂથ અને સિનિયર ક્રિકેટમાં કુલ 1788 મેચોનું આયોજન કરશે, જેમાં પુરુષો માટે અંડર-16, અંડર-19 અને અંડર-23 તેમજ સિનિયર સ્તરની મેચો અને મહિલાઓ માટે અંડર-15, અંડર-19 અને અંડર-23 તેમજ સિનિયર સ્તરની મેચોનો સમાવેશ થાય છે. અંડર-23 મર્યાદિત ઓવરની ટુર્નામેન્ટ અને વિજય ટ્રોફી માટે આંતર-પ્રાદેશિક યુનિવર્સિટી સ્પર્ધા ટી-20 ફોર્મેટમાં રમાશે. બીસીસીઆઈએ એક રિલિઝમાં જણાવ્યું હતું કે 2026-27ની સ્થાનિક સિઝન તમામ ફોર્મેટ અને સીરિઝોમાં સંતુલિત પ્રગતિ સુનિશ્ચિત કરતી વખતે, મજબૂત અને સ્પર્ધાત્મક સ્થાનિક માળખું બનાવવા માટે બીસીસીઆઈની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

તેના પ્રાદેશિક ફોર્મેટમાં પાછી ફરતી દુલીપ ટ્રોફી 23 ઓગસ્ટથી 10 સપ્ટેમ્બર દરમિયાન રમાશે. આખી ટુર્નામેન્ટ બેંગલુરુમાં બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યોજાશે. રણજી ટ્રોફી ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીર અને રેસ્ટ ઓફ ઈન્ડિયા વચ્ચે ઈરાની કપ ટાઈ ૧ થી ૫ ઓક્ટોબર દરમિયાન શ્રીનગરમાં રમાશે. બીસીસીઆઈના સ્થાનિક કેલેન્ડરમાં સૌથી મોટી સ્પર્ધા, રણજી ટ્રોફીનો પ્રથમ તબક્કો 11 ઓક્ટોબરથી પાંચમી નવેમ્બર દરમિયાન યોજાશે જેમાં ચાર રાઉન્ડ રમાશે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફી પૂર્ણ થયા પછી બીજો તબક્કો 17 જાન્યુઆરીથી ત્રણ માર્ચ દરમિયાન રમાશે.

## વૈભવ ગેલનો સર્વાધિક છગ્ગાનો રેકોર્ડ તોડી શકે : અનિલ કુંબલે

**સૂર્યવંશી** ગેલની જેમ બોલરોમાં પોતાનો ડર પેદા કરી રહ્યો છે : ઇરફાન પઠાણ

નવી દિલ્હી, તા. 20 : માજી ભારતીય કેપ્ટન અનિલ કુંબલે માને છે કે યુવા સેન્સેશનલ વૈભવ સૂર્યવંશીની બેટિંગ રેન્જ અને સ્વભાવ તેને અન્ય બેટ્સમેનોથી અલગ પાડે છે અને તે આઈપીએલ સીઝનમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો ક્રિસ ગેલનો રેકોર્ડ તોડી શકે છે. બીજી તરફ ભારતના ભૂતપૂર્વ ઝડપી બોલર ઈરફાન પઠાણ માને છે કે વૈભવ સૂર્યવંશી બોલરોના મનમાં ડર પેદા કરી રહ્યો છે જેવો ગેલે તેની કેરિયરના ટોચ દરમિયાન કર્યો હતો. કુંબલેએ સ્ટાર સ્પોર્ટ્સને જણાવ્યું કે તેણે આ આઈપીએલ સિઝનમાં 53 છગ્ગા ફટકાર્યા છે. એક સિઝનમાં સૌથી વધુ 59 છગ્ગા ફટકારવાનો રેકોર્ડ ગેલના નામે છે. મને લાગે છે કે વૈભવ ગેલનો રેકોર્ડ તોડીને ઈતિહાસ રચી શકે છે. પઠાણે જિયો હોટસ્ટારને જણાવ્યું કે તેને રોકવો ખૂબ જ મુશ્કેલ છે. બોલર તરીકે, અમે હંમેશા ક્રિસ ગેલનો સામનો કરવાથી ડરતા હતા. વૈભવ સૂર્યવંશી તે ડર પેદા કરી રહ્યો છે.

### વૈભવનું વાયરલ સેલિબ્રેશન તેની માતા માટે હતું

જયપુર, તા. 20 : લખનૌ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં અર્ધસદી ફટકાર્યા પછી મેદાન પર બંને હાથ રાખીને 'A' અક્ષર બનાવીને કરેલી ઉજવણી વાયરલ બની હતી. રાજસ્થાન રોયલ્સે તે પછી સોશિયલ મીડિયા પર શેર કરેલા વિડિઓમાં હસતાં હસતાં, વૈભવે આ ઇનિંગ તેની માતાને સમર્પિત કરી હોવાનું કહ્યું.

## સિટીની મેચ ડ્રો થતાં આર્સેનલે 22 વર્ષે પ્રીમિયર લીગ ટાઇટલ જીત્યું







**2004** પછી પહેલીવાર પ્રિમિયર લીગ ચેમ્પિયન બનેલા આર્સેનલ પાસે હજુ ચેમ્પિયન્સ લીગ જીતવાની પણ તક

લંડન, તા. 20 (એપી) : માન્ચેસ્ટર સિટી અને બોર્નમાઉથ વચ્ચે ગઇકાલે મંગળવારે રમાયેલી મેચ 1-1 થી ડ્રો થવાની સાથે જ આર્સેનલની પ્રીમિયર લીગ ફૂટબોલ ટુર્નામેન્ટ જીતવાની 22 વર્ષની રાહનો આખરે અંત આવ્યો હતો. આ ડ્રોથી મિકેલ આર્ટેટાની ટીમ 2004 પછી પહેલી વાર પ્રીમિયર લીગ ચેમ્પિયન બની. સ્પર્ધામાં એક રાઉન્ડની મેચ બાકી છે ત્યારે આર્સેનલ 37 મેચોમાં 82 પોઈન્ટ સાથે ચાર પોઈન્ટની અજેય સરસાઇ ધરાવે છે. બીજા ક્રમે રહેલા માન્ચેસ્ટર સિટીના હવે 37 મેચોમાં 78 પોઈન્ટ છે.

આર્સેનલના મિડફિલ્ડર ડેક્લાન રાઈસે સોશિયલ મીડિયા પર પોતાની અને તેના સાથી ખેલાડીઓની ઉજવણી કરતી એક તસવીર પોસ્ટ કરીને કેપ્શન લખ્યું હતું કે મેં તમને કહ્યું હતું, અમે તે કરી બતાવ્યું. માન્ચેસ્ટર સિટીને ટાઇટલ રેસમાં ટકી રહેવા માટે આ મેચ જીતવી જરૂરી હતી. આનાથી પેપ ગાર્ડિઓલાએ સિટી સાથે ટાઇટલ જીતવાની છેલ્લી તક પણ ગુમાવી દીધી. આર્સેનલના ચાહકોએ અમીરાત સ્ટેડિયમની બહાર જોરદાર ઉજવણી કરી, ફટાકડા ફોડી અને શેરીઓમાં પાર્ટી કરી. ક્લબના તાલીમ મેદાનમાં પણ ઉત્સવનું વાતાવરણ હતું, જ્યાં ખેલાડીઓ મેચ જોવા માટે ભેગા થયા હતા.જુનિયર ક્રુઇફના પહેલા હાફના ગોલ પછી સ્ટોપેજ સમયમાં એર્લિંગ હાલાન્ડે બરાબરી કરી મેચને રોમાંચક અંત આપ્યો. આર્સેનલ પાસે ચેમ્પિયન્સ લીગનું ટાઇટલ જીતવાની પણ તક છે, જેની ફાઈનલમાં તેઓ 30 મેના રોજ પેરિસ સેન્ટ-જર્મન સામે ટકરાશે.

### સુડોકુ ૭૨૮૬ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | | ૨ | ૮ | | ૫ | ૭ | |
| | ૮ | | | | | | ૯ | ૬ |
| ૫ | | | | | ૯ | ૩ | | |
| ૬ | | | | | | ૮ | | ૯ |
| ૮ | | | ૬ | ૨ | ૩ | ૭ | | |
| ૭ | | ૫ | ૯ | | | | ૨ | |
| ૪ | | | | | ૨ | ૧ | | ૭ |
| ૩ | ૭ | | | | | | ૬ | |
| ૧ | | | | ૯ | | ૨ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ખંજવાળ**

ઉનાળામા આવતી ખંજવાળ પિત્ત પ્રકોપ દર્શાવે છે. રોજ સવારે એક ચમચી આમળાં ચૂર્ણ પાણી સાથે લો. આમળાં ચૂર્ણ પાણીમા ભીંજવી રાખી ખંજવાળ પર લગાડો

### આજનું પંચાંગ

**તા.21/05/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** સુદ: પાંચમ: 08:28 પછી છઠ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 31
**યોગ :** ગંડ **કરણ:** કૌલવ
**નક્ષત્ર :** પુષ્ય 26:50 સુધી ગુરુપુષ્યામૃત સિદ્ધિ યોગ
**રાશિ:** કર્ક (ડ.હ.)
**દિવસ :** શુભ ગુરુપુષ્યામૃત યોગ
**સુરતમાં સૂર્યોદય :** 06:00
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:09
**નવકારસી :** 06:49
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15-00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરી-ધંધા માટે પ્રવાસ અનુકૂળ રહે. ઘરમાં નવા ફેરફાર થાય. સુખ સગવડનાં સાધનો વસાવી શકાય.

**વૃષભ (બ,વ,ઉ,):** ઈન્ટરવ્યુમાં સફળતા મળે. દલાલીનાં કામ થાય. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. પ્રવાસમાં સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** પારિવારિક મોજ-શોખ, ખાણી-પીણી જેવા ધંધામાં આવક વધે. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અવરજવર.

**કર્ક (ડ,હ,):** કાલ્પનિક ક્રિએટીવ અને રોમેન્ટીક વિચારો સાહિત્ય અને લેખન ક્ષેત્રે નવી તક ઊભી કરશે. સમાજમાં યશ મળે.

**સિંહ (મ,ટ,):** ધર્મ-કર્મ, સેવા, હોસ્પિટલ, કોર્ટ કચેરી અને અંગત આરોગ્યને લગતાં કામમાં અનુકૂળતા રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિજાતિયમિત્રોનો સાથ મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. આવક વધારવાની તક મળ મળે.

**તુલા (ર,ત,):** ધંધામાં નવા સોદા પાર પડે. પ્રોપર્ટીને લગતાં કામ પાર પડે. નોકરીમાં નવી જવાબદારીથી બોજ વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** વિદેશ પ્રવાસ, કાયદા કાનૂન, લેખન, ઉચ્ચ શિક્ષણને લગતા કામ થાય. સંતાન ચિંતા સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક સરકારી યોજના કામમાં તક મળે. વીલ વારસાના કામમાં પ્રગતિ થાય. વિશ્વાસઘાતથી સાવધાન.

**મકર (ખ,જ,):** વિવાહલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશના કામમાં મદદ મળે. રોજની આવક વધે. સામાજિક કામ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સરકારી નોકરીના કામમાં મદદથી પ્રગતિ થાય. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. ગુપ્ત શત્રુઓથી સાવધાન.


**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રેમવિવાહની શકયતા વધશે. મિત્રોનો સાથ મળે. શેર બજારનાં કામમાં માર્ગદર્શન મળે.

### કોઈ પણ સાલમાં 21 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થાય. નોકરીમાં પ્રમોશન સાથે સ્થાનફેર અને જવાબદારી વધે. ટેક્નોલોજીનો લાભ મળે. ધંધા વ્યવસાયમાં ચડતીપડતી રહે. આર્થિક બ ાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં પ્રભાવ વધે. પરિવારની અપેક્ષાઓથી બોજ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સમાજ નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત ફળ વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. મિત્રો વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર, 03,12,21,30 તારીકે નવા કામ કરવાં. પીળો, સોનેરી, જાંબલી રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર 02,11, 20, 29 તારીખે નવા કામ ટાળવાં. લાલ ભૂરા રંગનો ઓછો ઉપયોગ કરવો. ગુરુવારનાં ઉપાય કરતાં રહેવું.

### શબ્દગુંફન - ૭૨૨૫

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. ભરથરીનું તુંતુવાધ (૫)
૬. અટકયા વિનાની મુસાફરી (૫)
૯. આવ - જા (૬)
૧૨. મુરાદ, ધારણા (૪)
૧૪. અનુકરણ (૩)
૧૬. અભિષેક બચ્ચનની એક ફિલ્મ (૨)
૧૭. પગથિયાવાળો કૂવો (૨)
૧૮. મજબૂતાઈ (૩)
૨૦. ઘર, રહેઠાણ (૩)
૨૨. વેલ (૨)
૨૩. હિંમત (૨)
૨૪. વિષ, ઝેર (૨)
૨૫. પાણીનું પ્રાણી (૪)
૨૮. નાખુશ (૨)
૨૯. ગભરાટની દોડાદોડ (૩)
૩૧. ફળરૂપ (૩)
૩૨. માથાનો મુગટ (૪)

**ઊભી ચાવી**

૨. છૂટ, વેચાણ ઉપરનું વળતર(૩)
૩. હળદરનો લોટ(૩)
૪. ઉપકાર (૨)
૫. શોધ (૨)
૬. મૂલ્ય, કિંમત (૨)
૭. મશ્કરી, ટીખળ (૩)
૮. ફેંસલા માટેનું પંચ (૩)
૯. ટોચ, છેડો (૨)
૧૦. બચાવનાર (૩)
૧૧. શરીર (૨)
૧૨. દિલ (૨)
૧૩. દિલગીરી સાથે (૩)
૧૪. નવ લાખના મૂલ્યનું (૪)
૧૫. થોડા વાળની સેર (૨)
૧૬. અવાજ (૨)
૧૯. આડખીલી, નડતર (૩)
૨૦. સોગન, સરખું (૨)
૨૧. રાજનીતિ (૪)
૨૩. પરાજય (૨)
૨૪. વહેરતાં પડેલો ભૂકો (૩)
૨૫. જુલમ, જબરદસ્તી (૨)
૨૬. ચાલાક (૩)
૨૭. ઔષધ (૨)
૨૮. ઉકેલ, નિરાંત (૨)
૨૯. પાણીનો કુંડ (૨)
૩૦. એક વજન (૨)

